ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*મિત્ર થઈને આવ્યા હતા પણ બાપ થઈ બેઠા !*
*ખાધી થાય પ્રજાએ, 'આપ' નામે 'પાપ' લઈ બેઠા!*
*'માપમાં રહેતા નથી' 'આપ'ના સભ્યોની છે છાપ -*
*'કેજરીને થશે સંતાપ' અન્ના શ્રાપ દઈ બેઠા!?*
*('આપ' પ્રતિનિધિઓનાં કારનામાં)*

### હાઈકુ

*દુભવ્યાં હોય,*
*મન, વાણી, કર્મથી*
*કરજો ક્ષમા*
*(ક્ષમાપના)*

*સાપ ને ઘેર,*
*ચાટીને આવ્યા જીભ -*
*માણી મે'માની...*
*(કાશ્મીર પ્રતિનિધિમંડળ)*

### ચિંતન

**અપ્રકટી કૃત શક્તિઃ શક્તો અપિ જનસ્તિર સ્ક્રિયાં લભતે ।**
**નિવસન્નત દાંરૂણિ લંધયો વહિર્ન તુ જવલિતઃ ॥**

સુભષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય 'સામાન્ય નીતિ'નો આ શ્લોક છે.

'જેણે પોતાની શક્તિ-બળ-તાકાતનું પ્રદર્શન કર્યું જ નથી અને સામાન્ય વ્યક્તિની જેમ સંસારનો તાલ જોયા કરે છે તેનાથી કોઈ ડરતું - ગભરાતું નથી ઊલ્ટું તેના પર માછલાં પણ ધૂએ છે; અને લોકો તેનો તિરસ્કાર પણ કરે છે.'

પરંતુ જયારે એ શક્તિમાન પોતાનું કૌવત પ્રગટ કરે ત્યારે લોકોને તેનો સાચો પરિચય મળે છે. અહીં 'લાકડાં'નું દૃષ્ટાંત આપી આ વાત સમજાવવામાં આવી લાકડું જયાં સુધી સળગતું નથી ત્યાં સુધી સૌ કોઈ તેના પર પગ મૂકી કૂદી જાય છે. પરંતુ સળગતાં લાકડાંને કોઈ ઓળંગી શકતું નથી.

હનુમાનજીને રાક્ષસો પૂંછડી પર ચીંથરાં બાંધતા હતા ત્યારે હનુમાન મૌન રહી જોયા કરતા હતા પણ પછી લંકા બાળી ત્યારે રાક્ષસોને તેમનો સોચ પરિચય થયો.

### સુવિચાર

- જીસ દિન આપને અપની ઝિંદગી કો ખુલકર જી લીયા, વહી દિન આપકા હૈ... બાકી તો સિર્ફ કેલેન્ડર કી તારીખેં હૈ - **ઈકબાલ નિઝામી**
- સંપત્તિ હોય એટલે સંસ્કાર આવી જાય એવું નથી, લંકા આખી સોનાની હતી, પરંતુ મોત આવ્યું છતાં સંસ્કાર અને સમજણને આવતા પેઢીઓ લાગે - **જનકલ્યાણ**
- અતિત હંમેશા માટે ખતમ થઈ ગયો છે, હવે ભવિષ્ય તરફ જુઓ, અને એ ભવિષ્ય સુધારવામાં સમય અને શક્તિ વાપરો - **એસ. ભટ્ટાચાર્ય**
- સંબંધો નવરાશના નહીં પણ લાગણીના મોહતાજ હોય છે - **હૃદયસૂત્ર**
- દુનિયાના બધા જ રસ્તા સીધા છે, સમસ્તા એને જ નડે છે જેની ચાલ વાકી છે - **ઝેન કથન**
- કાચ અને સંબંધ બેવ ખૂબ નાજુક હોય છે, પણ બંનેમાં ફરક એટલો જ હોય છે કે કાચ ભૂલથી તૂટે છે અને સંબંધ ખોટા અહમથી... - **અનામ**
- પુરુષની ચૂપકીદીથી નારાજ થઈને સ્ત્રીએ અકળાઈ ન જવું, સમય આવે તે બોલશે જ... એમ સ્ત્રીની રજુઆતોથી ત્રાસી ન જવું. ધીરજથી સાંભળશો તો શાંત થઈ જશે - **ડો. હંસલ ભચેચ**

### બોધકથા

આપણે સાચા હૃદયથી - ઈષ્ટની શ્રદ્ધા-વિશ્વાસથી પ્રાર્થના કરીએ તો ઈશ્વર પ્રતિસાદ આપે જ છે. સંપૂર્ણ સમર્પણ જરૂરી છે.

એક ભક્ત ચિંતામાં સમુદ્ર કાંઠે રડતો-રડતો પ્રાર્થના કરતો જતો હતો. ઈશ્વરે તેને કહ્યું - તું ચિંતા ન કર, તારી સાથે જ છું. - પાછળ નજર કર... ભક્તે જોયું પોતાનાં પગનાં નિશાન સાથે બીજાં બે ચરણના નિશાન પણ હતાં. ભક્ત નિશ્ચિંત થયો. થોડા દિવસ પછી એ જ ભક્ત જે મોટો વેપારી પણ હતો. તેને ખંડણી માટે ગુંડાઓએ એ જ દરિયાકાંઠે બોલાવ્યો હતો.

વેપારી ભક્ત ફરી રડતો રડતો - ઈશ્વરની મદદ માટે પોકારતો જતો હતો. થોડી થોડી વારે પાછળ ફરી પગલાંના નિશાન પણ તપાસી લેતો હતો. પણ આ વખતે બીજાં પગલાં દેખાતાં ન હતા. શ્રદ્ધા ડગમગવા લાગી.

રડતે - રડતે બોલ્યો, 'ભગવાન, ખરે ટાણે જ તમે મને મદદ ન કરી ?'

ભગવાન કહે - તું જે પગનાં નિશાન જુએ છે એ મારાં છે તને તો મારા ખંભા પર ઊંચકી લીધો છે, વિશ્વાસ રાખ તારો વાળ પણ કોઈ વાંકો નહીં કરી શકે!

# પુનરાગમનનો પુરૂષાર્થ કે હવાતિયાં?

ઉત્તરપ્રદેશમાં વિધાનસભાની ચૂંટણીનાં પડઘમ વાગી રહ્યાં છે. એમાં બાજી મારવા વર્તમાન સત્તાધારી પાર્ટી સમાજવાદી પક્ષથી લઈ જેણે સમૂળગું વજૂદ ગુમાવી દીધું છે એવી ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ સુધીનાં તમામ રાજકીય પરિબળો અવનવી રીતરસમો અજમાવશે. કોંગ્રેસનું સુકાન હવે પૂર્ણપણે રાહુલ ગાંધી હસ્તક છે. સોનિયા ગાંધી નાદુરસ્ત તબિયતને કારણે આશીર્વાદક ભૂમિકામાં રહેશે અને કાર્યકરોની ઈચ્છાને માન આપી અત્યાર લગી અમેઠી અને રાયબરેલીની હદમાં જ પ્રચારકાર્ય કરતાં પ્રિયંકા ગાંધી દરેક વિસ્તારમાં એમનું કરિશ્માઈ સ્મિત વેરી મતદારોનાં મન જીતવા કોશિશ કરશે. સવાલ મૂળ સોતી ઊખડી ગયેલી કોંગ્રેસને જીવંત કરી નિરાશ થયી ગયેલા કાર્તકર્તાઓમાં આશાનો સંચાર કરવાનો છે. પ્રાદેશિક પાર્ટીઓનો ગઢ બની ગયેલ ઉત્તરપ્રદેશમાં લોકસભાની ચૂંટણી ટાણે નરેન્દ્ર મોદીનું સુનામી ફરી વળ્યું હતું. જો કે ૨૦૧૪માં અને ૨૦૧૬માં આસમાન-જમીનનું અંતર છે. મોટી માટે ઉત્તર પ્રદેશ જીતવું એ ૨૦૧૯ની લોકસભામાં પુનરાગમનની પૂર્વશરત છે, તો વળી રાહુલ ગાંધી માટે આ ચૂંટણી એમના પોલિટિકલ વજૂદનો પ્રશ્ન છે. રાહુલ ગાંધીના નેતૃત્વ હેઠળ લડાયેલી અત્યાર સુધીની લગભગ બધી જ ચૂંટણીઓમાં રાહુલ ગાંધીને નરી નિષ્ફળતા સાંપડી છે, એથી એમણે પણ ઉત્તરપ્રદેશને પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવી આરપારની લડાઈ લડી લેવાનો નિર્ધાર કર્યો છે. પોતે નરેન્દ્ર મોદીની પ્રચંડ લોકપ્રિયતા અને જાદુઈ વાક્છટા સામે ટકી શકે એમ નથી એની એમને પણ ખાતરી થઈ ચૂકી છે. એથી જ એમણે લોકસભાની ચૂંટણી વખતે મોદીના ચૂંટણી સલાહકાર પ્રશાંત કિશોરના માર્ગદર્શન મુજબ મોટી જાહેરસભાઓને બદલે ખાટલા પરિષદોનો વ્યૂહ અપનાવ્યો છે. લખનૌથી દિલ્હી સુધીની રાહુલની આ ચૂંટણી પૂર્વેની પ્રચારયાત્રામાં દેવરિયાની ખાટલા પરિષદે જરા જુદા સંદર્ભે મીડિયામાં છવાઈ ગઈ છે. ઉત્તરપ્રદેશમાં સત્તા પર આવશે તો કોંગ્રેસ ખેડૂતોનાં દેવા માફ કરશે એવી હૈયાધારણ હાંસિયે ખકેલાઈ ગઈ અને માથે ખાટલાં ઊંચકી ઝૂંટાઝૂંટ કરતા ખેડૂતોના સમાચાર હેડલાઈન બની ગયા. પ્રશાંત કિશોરના વ્યૂહનો આવો ફિયાસ્કો તો ભાગ્યે જ કોઈએ કલ્પ્યો હોય, પરંતુ ઉત્તરપ્રદેશ એ ઉત્તરપ્રદેશ છે. ત્યાં આવા ચમત્કારોની નવાઈ ન ગણાય! રાહુલ ગાંધી ગુજરાત સામે પણ આશાભરી મીટ માંડીને બેઠા છે. પરંતુ જે મતદાર સમૂહ વર્ષોથી કોંગ્રેસની પડખે રહેતો આવ્યો છે, તે ક્ષત્રિય-ઠાકોર સમાજ ધીરે ધીરે ભાડપ તરફ

**તંત્રીસ્થાનેથી...**

સરકી રહ્યો છે. આની પાછળ મોદી અને અમિત શાહની રાજકીય વ્યૂહરચના કામ કરી રહી છે. પાટીદાર સમાજમાં ફાટફૂટ પડે અને ભાજપનો તારણહાર ગણાતો એ સમુદાય એન ટાઈમે પોત પ્રકાશી બેસે એની સામે ડૅમેજ કંટ્રોલ લેખે ઠાકોર સમાજને હાથ ઉપર લેવાની ભાજપની વ્યૂહરચના હવે કોઈનાથી અજાણી નથી રહી. ગાંધીનગરથી ખેરાલુ અને કાંકરેજ - દિયોદર સુધીના નાના-મોટા ઠાકોર આગેવાનોને પ્રતિષ્ઠિત પદો પર બેસાડી દઈ ભાજપે માસ્ટર સ્ટ્રોક માર્યો છે. કોંગ્રેસના ઝુઝારુ ઠાકોર નેતા અને પૂર્વ સાંસદ જગદીશ ઠાકોરનું રાજીનામું પણ આવી જ રાજનીતિનો ભાગ હોઈ શકે છે. એક તરફ રાષ્ટ્રીય સ્તરે રાહુલ-પ્રિયંકાની પ્રતિષ્ઠા દાવ પર લાગી છે તેમ ઘરઆંગણે શંકરસિંહ વાઘેલા અને ભરતસિંહ સોલંકીના પાણી મપાઈ જાય એવી સ્થિતિ સરજાઈ છે. કોંગ્રેસ ઉત્તરપ્રદેશ અને ગુજરાતઃ બેઉ રાજયોમાં પુનરાગમનનો પુરુષાર્થ કરી રહી છે, એ માટેની વ્યૂહરચનાને અંજામ આપી રહી છે, પરંતુ સામે મોદી-શાહની જોડી પણ એટલી જ જાગ્રત છે. મોદીએ ગુજરાત પ્રત્યે વિશેષ ધ્યાન આપવાની કરેલી જાહેરાત એ સંદર્ભે સૂચક છે. આખરે એમના માટે પણ ગુજરાત એ પ્રતિષ્ઠાનો જ પ્રશ્ન બની રહેવાનું છે.

# શિલાજિત - આટલું જાણવું જરૂરી છે




આયુર્વેદમાં ટોપમોસ્ટ વેંચાતી પ્રોડક્ટ્સમાંની એક એટલે શિલાજિત. બધાએ શિલાજિતનું નામ સાંભળ્યું હોય અને તેના ગુણો વિષે પણ થોડોઘણો ખ્યાલ હોય, પણ અમુક પાયાના ખ્યાલથી આપણે વંચિત હોઈએ છીએ, જેમકે એક્ઝેટલી શિલાજિત શું છે... તે શુધ્ધ છે તેની ખાતરી શું.. તેનો આદર્શ ઉપયોગ કઈ રીતે થાય.. તે સૌથી વધું શેમાં ગુણકારી..???

તો ચાલો જાણીએ આ બધી ઓછી જાણીતી બાબતોને... જે શિલામાંથી ઉદ્ભવે છે તે એટલે શિલાજિત. ઉનાળાનો પ્રખર તડકો જ્યારે પર્વતોની શિલાઓ પર પડે ત્યારે એ શિલાઓમાંથી લાખ જેવો ચિકણો રસ ઝરે છે, આ રસ એટલે શિલાજિત. એક વાત સમજી લેવા જેવી છે. પ્રખર ઉનાળો ત્રણેક મહીના ચાલે, વળી દરેક પર્વતોમાંથી શિલાજિત ન પણ ઉદ્ભવે...એટલે દેખીતી રીતે જ શિલાજિતની મળતી માત્રા ખૂબ ઓછી હોવાની અને એટલે જ શિલાજિત મોંઘુ પણ હોવાનું.

બીજી બાજુ, માર્કેટમાં શિલાજિતની ઢગલો પ્રોડક્ટ અવેલેબલ છે અને એ પણ રીલેટીવલી બહુ જ સસ્તા ભાવમાં...એટલે દાલ મે કુછ કાલા તો હૈ... ઘણી વખત એવું બનતું હોય છે કે કોમર્શીયલ ડીમાંડને પહોંચી વળવા માટે નેચરલી સૂર્યતાપી શિલાજિત મેળવવાને બદલે અગ્નિતાપી (અગ્નિ વડે શિલાને ગરમી આપીને) શિલાજિત મેળવવામાં આવે છે. આ અગ્નિતાપી શિલાજિતની ગુણવત્તા નેચરલ શિલાજિતની સાપેક્ષે ઓછી જ હોવાની. એટલે શિલાજિતને શુધ્ધ સ્વરૂપે વાપરવું જ જરૂરી છે. તો, શિલાજિત શુધ્ધ છે તેની ખાતરી કઈ રીતે થાય?

આ રહ્યા શિલાજિત પ્યોરીટી ટેસ્ટ... ● શિલાજિત સાદા કે ગરમ પાણીમાં સંપૂર્ણપણે ઓગળી જાય છે. તેમજ પાણીમાં ગોલ્ડન-બ્લેક રંગની ઝાંય દેખાય છે. શિલાજિત આલ્કોહોલમાં ઓગળતું નથી. ● શિલાજિતને ગરમ કરતા તે સળગતો નથી. તેમાથી જ્વાળાઓ ઉત્પન્ન થતી નથી. તેમાથી પરપોટા ઉદ્ભવે છે અને છેલ્લે રાખ જેવો પદાર્થ દેખાય છે. ● ગરમીમાં શિલાજિત પીગળી જાય છે અને ફ્રીઝમાં રાખતા એકદમ હાર્ડ થઈ જાય છે



**પહેલું સુખ તે જાતે નર્યા**

ડો. કેદાર ઉપાધ્યાય

-શિલાજિત પારા (મરક્યુરી) જેવી ભારે ધાતુઓને પણ શોષી લે છે. શિલાજીતના પાવડરમાં પારો ઉમેરી પાચેક મિનીટ મિક્સ કરતા પારો સંપૂર્ણપણે શિલાજિતમાં સમાઈ જાય છે. આ બધા ટેસ્ટ વડે શિલાજિતની ગુણવત્તા ચકાસી શકાય. આયુર્વેદમાં શિલાજિતના ચાર પ્રકારો છે. સુવર્ણ શિલાજિત, રજત શિલાજિત, તામ્ર શિલાજિત, અને લૌહ શિલાજિત. આ ચારેયમાં સુવર્ણ શિલાજિત ઉત્તમ છે. હવે વાત શુધ્ધ શિલાજિતના ફાયદાઓની. શિલાજિત ઉત્તમ રસાયણ અને વાજિકર છે. મહર્ષિ વાગ્ભટ્ટે શિલાજિતને મધુપ્રમેહનું (ડાયાબિટીસ) અમોઘ ઔષધ ગણ્યું છે. તેઓ કહે છે કે ડાયાબિટીસના એવા રોગીઓ કે જેને વૈદ્યોએ અસાધ્ય ગણી છોડી દીધા હોય તે પણ શિલાજિતના યોગ્ય ડોઝ વડે સાજા થઈ શકે છે. આ ઉપરાંત શિલાજિત ઉત્તમ જાતીય ટોનિક, બ્રેઈન ટોનિક, લોહીવિકારને દૂર કરનાર, અને રસાયણ છે.

શિલાજિત અયુર્વેદનું એક ઉત્તમ ઔષધ અને ટોનિક છે. અલબત્ત તે શુધ્ધ હોય તે એટલું જ જરૂરી છે. શુધ્ધતાની ખાતરી કરી નિયત માત્રામાં નિયમીતપણે લેવાથી તેના ચોકકસ ફાયદાઓ મેળવી શકાય. **- contact@atharvaayu.com**

# ભર્યા તે સરોવરમાં સો સો રે તિરાડો તરતી, ખોબલે આ તિરાડો ભરાય જી

આપણા રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીના પનોતા પુત્ર મહેન્દ્ર મેઘાણીએ અનેક અંગ્રેજી પુસ્તકોના અત્યંત સુંદર કહી શકાય એવા ગુજરાતી અનુવાદ પણ કર્યા છે. આવા જ એક બાળકોના પ્રિય પુસ્તકનું નામ છે 'તળાવડીને આરે.'

તા ચાલો આપણે આપણા નગરના તળાવની વાત કરીએ. ગાંધીનગરમાં ઈન્દ્રોડા, બોરીજ, ધોળેશ્વર, ફતેપુરા, વાવોલ જેવા ગામ ઘણા છે પણ ગામ તળાવ ફક્ત વાવોલમાં છે. પરંતુ સેક્ટર-૧માં તળાવ ખોદવાનો જેને પણ સૌ પહેલો વિચાર આવ્યો હશે એ ખરેખર અભિનંદનને પાત્ર છે. ભારત દેશના પૂર્વોત્તર પ્રદેશની જેમ જ ગાંધીનગરના પૂર્વ ભાગને ઘણા જ રમણીય સ્થળો મળ્યા છે. સંસ્કૃતિ કુંજ, સરિતા ઉદ્યાન, ઈન્દ્રોડા પાર્કની સાથોસાથ નગરનું આ એકમાત્ર તળાવ પ્રકૃતિપ્રેમીઓ અને શાંતિપ્રિય સજ્જનો માટે સાચે જ આકર્ષણરુપ સ્થાન છે. મોટાભાગના તળાવોની જેમ આ તળાવ કોઈ ગોળાકાર કે અંડાકાર નથી પણ કોઈ અમીબા જેવો જીવ પોતાની જાતને પશ્ચિમ ભણી ખેંચી જતો હોય એવો એક અનિયમિત આકાર સર્જાયો છે. બહારની બધી જ બાજુએ ઊંચા ઊંચા વૃક્ષો સરકારી ઉદ્યમ વગર જ અનાયાસ એટલે કુદરતી મળી ગયા હોય એવું લાગે છે. માર્ગ-૨, જયાં અંદર પ્રવેશવાનો મુખ્ય દરવાજો ત્યાં છે મોટા મોટા અરડૂસા ખડા થઈ ગયા છે. તેની ઉપર બારેમાસ વાનરસેના કૂદમકૂદ કરતી હોય છે. તળાવની ચારે બાજુ સુંદર બગીચો બનાવવામાં આવ્યો છે. તેમાં મોટા ભાગે સરુ અને પામના વૃક્ષ છે. તે કેવળ શોભારૂપ છે. ઉનાળામાં છાંયો આપવા માટે તે કશા કામના નથી. બાગમાં ચાલવાની રસ્તાની બંને બાજુએ વિલાયતી મેંદી ઉછેરવામાં આવી છે, તેનાં જાંબુડી રંગના ટચૂકડા ફૂલો બગીચાની શોભા વધારવામાં પોતાનો નાનકડો ફાળો નોંધાવવા પ્રયત્નશીલ રહે છે. એમ તો


તળાવડીના આરે

કરેણ, રાતરાણી અને ગરમાળો પણ પોતાનાથી બનતી મહેનત કરતા રહે છે. અત્યારે છેલ્લા વરસાદ પછી તળાવનું તળિયું ઢંકાય એટલું પાણી ભરાયું છે. જેમાં કાળી બતક તરતાં તરતાં થોડીક વારે એકાદી ડૂબકી મારતી રહે છે. બગલા પાણીમાં અને બગીચાના ઘાસમાં, જયાં મળે ત્યાં ખોરાકની શોધ કરતા ફર્યા કરે છે. કાગડાઓને કદીય જંપ મળ્યો છે તે અહીં મળે ? તેઓ ચારેબાજુ ઉડાઉડ કરતા રહે છે. અહીંની ખરી શોભા પેલી નાનકડા પક્ષીઓ છે. દેવચકલી, કાબર, બુલબુલ, દરજીડો વગેરે એના સુમધુર કલરવ વડે બાગને જીવંત રાખે છે. આઘે આઘે ઈન્દ્રોડા પાર્કમાં બોલતા મોરના ટહૂકા અહીં સાંભળવા મળે છે, પણ સદેહે અહીં આવતા નથી. તેનું શું કારણ હશે તે કોઈ પ્રકૃતિવિદ શોધી કાઢે તે સારું.

દરરોજ સવારે કસરતપ્રિય યુવાનો અને સક્રિય વૃદ્ધો બગીચામાં લટાર મારવા આવી જાય છે. યુવાનો પોતાની મનગમતી જગ્યા ખોળી કસરત કરે છે. જયારે વૃદ્ધો તળાવનો એકાદો આંટો મારી બાંકડે બેસી અવનવી વાતો કરતાં રહે છે. બગીચાની બહારની બાજુએ ગોઠવેલા બાંકડાઓ ઉપર એક ઉત્સાહી અને આનંદી, યુવાનો અને સિનિયર સિટીઝનનું મંડળ રોજેરોજ રંગત જમાવે છે. તેમાં વહેલું આવનાર બાંકડા અને આજુબાજુ કચરો સાફ કરી નાખે છે. એક ચણ ચબૂતરામાં ચણ નાંખી, પક્ષીઓ માટે પીવાનું પાણી ભરી દે છે. ભૂતપૂર્વ મંત્રી ઈશ્વરસિંહ ચાવડા અહીંના નિયમિત મુલાકાતી છે. કિશોરભાઈ સતાશીરા, નિદેશભાઈ પટેલ, બાબુભાઈ મિસ્ત્રી, ગોવિંદભાઈ એમ ઘણા ભાઈઓ એકબીજાના ગાઢ મિત્રો બની ગયા છે. અહીં આવનારામાં કૉલેજમાં આચાર્યપદનો હોદ્દો ધરાવનારા શિક્ષણયાત્રીઓ છે તો પરમાર અને વાઘેલા જેવા પોલીસ અધિકારીઓ પણ છે. આ બધા સાથીઓ સવારની કસરત પતાવી, આનંદથી બાંકડે બેસે છે, અલકમલકની વાતો કરે છે, ચા-પાણી પીવે છે અને કયારેક સામેની દુકાને ગરમાગરમ તળાતા ભજીયાની જયાફત પણ માંડે છે. આ ભાઈઓ કેવળ ટોળટપ્પા નથી કરતાં અંદર બગીચામાં ચાલતા ઝૂંપડાવાસી બાળકોના શિક્ષણયજ્ઞમાં અવારનવાર પોતાનો સહકાર પણ



**મનના ઉમંગો**

રણછોડ પરમાર

આપતા રહે છે. ગયા વરસે આ ભાઈઓ તરફથી બધા બાળખોને શિયાળામાં સ્વેટર, સ્લીપર, દફતર વગેરે પ્રાપ્ત થયેલા એનો ઉલ્લેખ કર્યા વગર એમની વાત અધૂરી રહે છે. ઉપર જણાવ્યું તેમ બગીચાની અંદરની બાજુએ શ્રીમતી જયંતિ રવિ (આઈ.એ.એસ.) ની પહેલથી ગરીબ બાળકો માટે શિક્ષણ આપવાનું શરુ કરવામાં આવ્યું છે, તેમાં તેમના જીવનસાથી રવિ સાહેબ પણ પૂરા પ્રેમથી પ્રેમથી સહકાર આપે છે. શહેરની વિજ્ઞાન કૉલેજના ત્રણ-ચાર વિદ્યાર્થી પણ બાળકોને ભણાવવાનું બહુ અઘરું કહેવાતું કામ કરતા રહે છે. હું પણ અનાયાસ આમાં જોડાઈ ગયો છું. બગીચામાં આવનાર ઘણા ભાઈબહેનોને આ પ્રવૃત્તિ ગમે છે. તેઓ શબ્દોથી અમારી કામગીરી બિરદાવવા ઉપરાંત કોઈ વાર બાળકો માટે સ્ટેશનરી, બિસ્કીટ, ચૉકલેટ વગેરે લઈ બાળકોને બીજા ધોરણના સરવાળા - બાદબાકી ભણાવવા બેસી જાય છે. મને પોતાને આ સેવાકાર્ય માટે પ્રેરનાર કુ. પ્રજ્ઞાબેન પટેલે, પણ આ શિશુઓને ઘણીવાર બિસ્કીટ, પ્રસાદ, સ્ટેશનરી અને કપડાં વગેરેની મદદ કરેલી છે.

તળાવની વાતો કર્યા પછી સરોવરની કવિતા સાંભળવાનું તમને ગમશે એવો મને વિશ્વાસ છે.

ભર્યા તે સરોવરમાં
ભર્યા તે સરોવરમાં સો સો રે તિરાડો તરતી,
ખોબલે આ તિરાડો ભરાય જી,
તરસ્યા રે જીવ જળ હાથ ન ભરાય રતી,
તિરાડોને કેમ રે પિવાય જી ! ... ભર્યા તે.
એક રે સૂરજ એનાં વમળાતાં તેજ વીરજી!
સરવરે તેજ તરડાય જી,
તિરાડે તિરાડે તેજની કાયા રે કપાય હીરજી !
અમળાતા તળિયે સમાય જી. ... ભર્યા તે.
ઊઘડ્યા કમળ કેરી પાંદડી વિલાય દલ જી !
પરિમલ વ્યરથ વેરાય જી,
કાંઠાના કદંબ કેરાં પરણ ધરુજે મનજી!
અકળાતા વાયુ પડી જાય જી. ...ભર્યા તે.

-ચંદ્રશંકર ભટ્ટ 'શશિ શિવમ્'

# જય ગણેશ ગણનાથ દયાનીધિ, સકલ વિઘ્ન કર દૂર હમારે, પ્રથમ ધરે જો ધ્યાન તુમ્હારો, ઉસકે પૂર્ણ કારજ સારે...



દીર્ઘદૃષ્ટિ ગણનાયક,
અર્પે જગતે દૃષ્ટિ વિધાયક!
લંબોદર, મોદક અનુરાગી,
દિવ્ય વિચારો કેરા વાહક!
વિપત્તિ-વિઘ્નોના હરનાર!
... ગજાનન ગુણોના ભંડાર!

ભાદરવા સુદ ચોથ એટલે ગજાનન ગણપતિ દાદાને વેહાલ કરવાનો અવસર... મહાસિદ્ધિ વિયાનકી ચોથનો દિવસ... આપણા પ્રત્યેક પ્રસંગનો પ્રારંભ 'વક્રતુંડ મહાકાય...' ગણપતિ વંદનાથી કરીએ છીએ... 'શ્રી ગણેશાય નમઃ।' લખી ધંધા-રોજધારનો આરંભ કરનાર હોય કે વિદ્યાર્થી હોય... પ્રત્યેકને તમામ કામ વિના વિઘ્ને પાર પડે માટે શ્રદ્ધાભાવ સાથે દાદાને વિનવે છે ! ગણપતિની મૂર્તિ ન હોય તો સોપારીની ગણપત બનાવે... અગ્રપૂજા તો ગણપતિની જ થવી જોઈએ એવો શ્રદ્ધાભાવ ખરો!!

આવા વિઘ્નહર્તા ગજાનન ગણપતિ વિનાયકનો 'ગણેશોત્સવ' આજે તો દમામભેર શહેરો જ નહીં ગામડામાંયે વિસ્તરતો જાય છે. સૌ કોઈ 'ગણપતિ બાપા મોર્યા-મય' બની ગયા છે. મોર્યા એટલે નમસ્કાર. 'ગણપતિ બાપા મોરચા'નો અર્થ 'ગણપતિ બાપાને નમસ્કાર.' એવો થાય. બીજો અર્થ એ ખરો કે 'મોરેશ્વર' નામનો ગણપતિનો એક મોટો ભક્ત પણ થયો છે. ભગવાનને ભક્તો પ્રિય હોય છે તેથી 'મોરેશ્વર' કાલક્રમે 'મોરયા' થયાનો દુંદાળા દેવ સાથે જોડાઈ ગયો!!

● ગજાનન : હાથીનું મસ્તક - અન્ય કોઈ પ્રાણીનું મસ્તક ન મુકતાં હાથીનું મસ્તક ધડ પર બેસાડવામાં એક આગવું વૈશિષ્યથ છે. હાથીના જીવનમાં તેજસ્વીતા છે. મહાવત જરા ગુસ્સે થઈને બોલે તો હાથી ખાતો નથી. લાડ-પ્યારથી જ ખોરાક આરોગે છે. નિસ્તેજ તત્ત્વવેતા આત્મનાંદ મેળવી ન શકે. કે નિસ્તેજ નેતા સમાજને દીન અને લાચાર બનાવે. હાથી પોતે ખાતાં પહેલાં પ્રથમ બે-ત્રણ કોળિયા આમતેમ ઉડાવી દે. બીજા અનેક જીવજંતુઓનું પેટ ભરાવું જોઈએ. આ ઉદારવૃત્તિ છે.

તુલસીદાસજીએ સાચે જ લખ્યું છે ;
'મુખિયા મુક સો ચાહિયે ખાનપાન કો એક,
પાલત પોષત સકલ અંગ તુલસિ ધરત વિવેક.'

અર્થાત ખાવા-પીવાનું કામ મોંઢું કરે પણ પુષ્ટિ આખા શરીરને મળે તે જ રીતે નેતાના પરિશ્રમથી આખા સમાજને પુષ્ટિ મળવી જોઈએ.

● સુપડા જેવા કાન : 'સાર સાર કો ગ્રહી રહે થોથાં દે ઉડાય.' સુપડાની માફક ફોતરાં જેવી નકામી વાતો ઉડાવી દે. કાને ન ધરે, મોટા કાન ઉત્કૃષ્ટ શ્રવણ ભક્તિ સૂચવે છે. આપણે ત્યાં 'બહુશ્રુત' માણસને કિંમત છે. નહીં કે **well read !!**

● ઝીણી આંખો - સૂક્ષ્મ દૃષ્ટિ જીવનમાં ખબર ન પડતાં દોષોને અટકાવવા જોઈએ. જૂના કાળમાં રાજા નિર્વેશ મૃત્યુ પામે તો હાથણી કળશ ઢોળે તે રાજા તરીકે નિયુક્ત થતો. તત્ત્વવેતા કે નેતા પાસે ભવિષ્ય જોવાની દીર્ઘદૃષ્ટિ હોવી જોઈએ.

● મોટું નાક : દૂર સુધીનું સૂંઘી શકવા સમર્થ હોય. પ્રત્યેક વાતની ગંધ અગાઉથી આવી જાય - પારખવાની શક્તિ.

● ગણપતિના બે દાંત : આખો દાંત શ્રદ્ધાનો ને તૂટેલો દાંત મેધાનો. મેધા-બુદ્ધિ કદાચ ઓછી હોય તો ચાલશે પરંતુ ઈશશ્રદ્ધા પૂર્ણ હોવી જોઈએ. મોટે ભાગે તો બુદ્ધિ જેમ વધતી જાય તેમ શ્રદ્ધાનું પુષ્પ કરમાતું જતું હોય છે. માનવીની બુદ્ધિ સીમિત હોવાથી આખરે શ્રદ્ધાના સહારે આગળ વધવાનું હોય છે.

● ચાર હાથ - એક હાથમાં અંકુશ - જે વાસના વિકારો પર સંયમ સૂચવે છે. બીજા હાથમાં પાથ- જરુર પડતાં ઈન્દ્રિયો કે અનુયાયીઓને શિક્ષા કરવાનું સૂચવે છે. ત્રીજા હાથમાં મોદક જે મોદ-આનંદ કરાવે તે. સંતોષપ્રદ સાહિત્યિક આહાર અને ચોથો હાથ આશીર્વાદની મુદ્રા - કદાચ ગણપતિ એક હાથે મોદક બતાવી બીજા હાથથી બોલાવી રહ્યા ન હોય!!

● લંબોદર - માણસ ગાગપેટ નહીં સાગર પેટ હોવો જોઈએ. અનંત વાતો પેટમાં પચાવવાની તાકાત હોવી જોઈએ.

● પગ નાના - કોઈ કામ ઉતાવળે ન કરવું. આમેય બુદ્ધિમાનો ટૂંકા પગના હોય છે. પોતે દોડ્યા કરતા નથી બુદ્ધિથી બીજાને દોડાવે છે. પૃથ્વીની પ્રદશિણાની પૌરાણિક વાત સૌ કોઈ જાણે જ તેને!



**લાગણીનો મેળો**

રસિક વાળંદ

● વાહન - ઉંદર : જે તમને ઘર ઘરમાં લઈ જાય છે. કરડે પણ ફૂંક મારીને. જે સારું હોય તેનો જ ઉપભોગ કરવો એ ઉંદરોનો સ્વભાવ છે. ઈન્દ્રિયોનો સ્વભાવ પણ આવો જ છે. નેતા કે તત્ત્વવેતા ઈન્દ્રિયો પર સંયમ રાખી જીવે છે.

● દૂર્વા : ગણપતિને દૂર્વા ખૂબ પ્રિય છે. રંગવગરનું, સુગંધ વગરનું દુનિયાની નજરે કશી જ કિંમત નથી એવું કર્મ પણ પ્રભુને પ્રેમથી ચડાવીએ તો એ તે તેમને ગમે છે. જે કંઈ અર્પણ કરો તે ભાવનાથી... પ્રેમથી... કરો... ગણપતિને લાલ ફૂલ પ્રિય છે. લાલ રંગ ક્રાંતિનો સૂચક છે. ગણપતિ ઉપર આપણે અક્ષત -ચોખા ચડાવીએ છીએ. અક્ષત - જે ખંડિત નથી તે. અખંડ ભક્તિનું અક્ષત ચડાવવાનું સૂચન કરે છે. મહાપુરુષો પણ ધ્યેયમાટે પ્રભુની અખંડ અને અનન્યભક્તિ કરે છે.

● ગણપતિ 'વક્રતુંડ' કહેવાય છે. વાંકાચૂકા અર્થાત્ આડાઅવળા ચાલવાવાળાને દંડ આપે તે વક્રતુંડ નેતા કે તત્ત્વવેતા આવા જ હોવા જોઈએ.

કોઈ પણ શુભ - માંગલિક કામ કરીએ ત્યારે આવા ગણપતિ શ્રેષ્ઠ પુરુષોને બોલાવી તેમનું પૂજન સત્કાર કરી માર્ગદર્શન મેળવીએ તો પ્રત્યેક કાર્ય સિદ્ધ થાય જ. આધ્યાત્મિક દૃષ્ટિએ વિચારીએ તો ઈન્દ્રિયોનો એક ગણ છે. એ ગણનો પતિ મન છે. કોઈ કાર્ય સિદ્ધ કરવું હોય તો મનને ઠેકાણે રાખવું પડે. મનને કાર્યના પ્રારંભે શાંત અને સ્થિર કરવાથી વિઘ્નો ઊભાં થતાં નથી. કાર્યો પાર પડી જ જાય છે. પ્રતિ વર્ષ ગણપતિને લાવીએ છીએ. ગણપતિનું વિસર્જન કરીએ છીએ. સગુણ સાકારને નિર્ગુણ નિરાકારમાં વિલિન કરીએ છીએ. ગણપતિ વિસર્જન એટલે વિરાટની પૂજાનો આરંભ.... બધામાં ભગવાન જોવાનું શીખવે છે. બધા જ ભગવાનના છે. આપણા સૌનું દૈવી સગમણ છે. એ બોધ હૈયે ધરીએ...

આજે સાર્વજનિક ગણેશોત્સવ ઊજવી એકતા-સંગઠનની ભાવના જગાવીએ છીએ.

જે ઋષિઓએ ગણપતિ પૂજન દ્વારા જીવનનું આવું અલૌકિક દર્શન આપ્યું તેમ જ દર્શન તે દર્શન જીવનમાં સાકારિત થતાં અનંત વિઘ્નો પાર પાડવાનું સામર્થ્ય આપ્યું તે ઋષિઓને અનંત પ્રણામ !! સાથે સાથે દુંદાળા દેવને દિલથી પ્રાર્થના...

**જય ગણેશ ગણનાથ દયાનીધિ, સકલ વિઘ્ન કર દૂર હમારે,**
**પ્રથમ ધરે જો ધ્યાન તુમ્હારો, ઉસકે પૂર્ણ કારજ સારે...**